RNI No:- GUJGUJ/2011/39896

ગાંધીનગરથી પ્રસિધ્ધ થતુ નિડર અને ધ્યેયલક્ષી દૈનિક

# અખંડ ભારત

AKHAND BHARAT ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે દૈનિક

તંત્રી : તેતરવાલ રૂપસિંહ હેમારામ ● વર્ષ: ૧૩ ● અંક: ૨૬૦● તારીખ: ૨૩-૧૨-૨૦૨૪,સોમવાર● પાના : ૪ ● કિંમત :૧.૫૦=૦૦ રૂપિયા ● Annual Subscription-Rs.૫૦૦

ADD. I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330, Email : roopsinghtetarawal@gmail.com, WEB: https://abdailynews.com

# વડાપ્રધાન મોદીને કુવૈતના સર્વોચ્ચ સન્માન 'ધ ઓર્ડર ઓફ મુબારક અલ કબીર'થી કરાયા સન્માનિત




કુવૈતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેના સર્વોચ્ચ સન્માન 'ધ ઓર્ડર ઓફ મુબારક અલ કબીર'થી સન્માનિત કર્યા છે. આ કોઈ દેશ દ્વારા વડાપ્રધાન મોદીને આપવામાં આવેલ આ ૨૦મું આંતરરાષ્ટ્રીય સન્માન છે. 'ધ ઓર્ડર ઓફ મુબારક અલ કબીર' કુવૈતનો નાઈટ હુડ ઓર્ડર છે. આ ઓર્ડર રાજ્યના વડાઓ અને વિદેશી વડાઓ અને વિદેશી શાહી પરિવારોના સભ્યોને મિત્રતાના પ્રતીક તરીકે આપવામાં આવે છે. આ અગાઉ બિલ ક્લિન્ટન, પ્રિન્સ ચાર્લ્સ અને જ્યોર્જ બુશ જેવા વિદેશી નેતાઓને એનાયત કરાઈ ચૂક્યો છે.શનિવારે બે દિવસીય યાત્રા પર કુવૈત પહોંચેલા વડાપ્રધાન મોદી ૪૩ વર્ષમાં ખાડી દેશના પ્રવાસે જનારા પહેલા ભારતીય વડાપ્રધાન છે. કુવૈતના પ્રવાસ કરનારા અંતિમ ભારતીય વડાપ્રધાન ઈન્દિરા ગાંધી હતા જેમણે ૧૯૮૧માં કુવૈત પ્રવાસ કર્યો હતો.ભારત કુવૈતના ટોચના વ્યાપારિક ભાગીદારોમાંથી એક છે. ભારતીય મુદાય કુવૈતમાં સૌથી મોટો પ્રવાસી સમુદાય છે. ખાડી દેશ ભારતના ટોચના વ્યાપારિક ભાગીદારોમાંથી એક છે, જેનો દ્વિપક્ષીય વેપાર નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૦.૪૭ બિલિયન અમેરિકન ડોલરનો રહ્યો. કુવૈત ભારતને છઠ્ઠો સૌથી મોટો કાચા તેલની જરૂરિયાત પૂરી પાડતો દેશ છે, જે દેશની ઉર્જા જરૂરિયાતોના ૩ ટકા ભાગને પૂર્ણ કરે છે. કુવૈતમાં ભારતીય નિકાસ પહેલી વાર ૨ બિલિયન અમેરિકન ડોલર સુધી પહોંચી ગઈ છે, જ્યારે ભારતમાં કુવૈત ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટી દ્વારા ૧૦ બિલિયન અમેરિકન ડોલરથી વધુનું રોકાણ કરવામાં આવ્યું છે.પીએમ મોદીને વર્ષ ૨૦૨૧માં ગ્લોબલ એનર્જી એન્ડ એન્વાયરમેન્ટ લીડરશિપ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા, જ્યારે તેમને યુનાઈટેડ નેશન્સ ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે.

## ગુજરાતમાં નાતાલ પછી માવઠાંની આગાહી



રાજકોટ: રાજ્યમાં ખાસ કરી સૌરાષ્ટ્રમાં કચ્છથી રાજકોટ,જુનાગઢ,પોરબંદર પટ્ટી ઉપર ધ્રુજાવી દેતી ટાઢ પડી રહી છે ત્યારે આ ઠંડીની સાથે નાતાલ પછી તા.૨૬ ડિસેમ્બરથી સૌરાષ્ટ્ર સહિત ગુજરાતમાં માવઠાંની આગાહી મૌસમ વિભાગે કરી છે. હાલ એકંદરે સુકુ હવામાન લાંબા સમયથી છે ત્યારે નાતાલ પછી જબરદસ્ત પલટા સાથે હવામાન કથળવાના સંજોગો નિર્માણ થયા છે. બીજી તરફ, આજે પણ સૌરાષ્ટ્રમાં લોકો થરથર ધ્રુજી ઉઠે તેવી ઠંડીનું જોર જારી રહ્યું હતું અને રાજકોટ,પોરબંદર અને કચ્છમાં નોર્મલ કરતા ૫ સે.નીચા તાપમાન સાથે શીત લહેર ફરી વળી હતી. દેશમાં એક તરફ બંગાળની ખાડીમાં વિશાખાપટ્ટનમ્ થી આજે ૪૩૦ કિ.મી.ના અંતરે વાવાઝોડાનું નાનુ સ્વરૂપ એવું ડીપ્રેસન સર્જાયું છે,જેનાથી આંધ્રપ્રદેશમાં ભારે વરસાદની આગાહી છે તો એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી જમ્મુ કાશ્મીર,હિમાચલ પ્રદેશમાં આવતીકાલ તા.૨૨થી તા.૨૪ વરસાદ-બરફવર્ષાની આગાહી છે ત્યારે તા.૨૬ની રાત્રિના વધુ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ કે જે વધુ એક્ટીવ અને શક્તિ શાળી છે તે ઉત્તર પશ્ચિમ ભારત પર ત્રાટકી રહ્યું છે જેની અસરથી રાજસ્થાન ઉપર સાયક્લોનિક સર્ક્યુલેશન તા.૨૭ના સર્જાવાની શક્યતા છે. આ સીસ્ટમ સાથે નીચા લેવલના પવનોથી અરબી સમુદ્ર તથા બંગાળની ખાડીમાંથી ભેજ ખેંચાશે અને તેના પગલે હિમાલયન વિસ્તારમાં તા.૨૬થી તા.૨૮ વ્યાપક બરફ વર્ષાની આગાહી છે. મૌસમના આ પરિવર્તનની ગુજરાત ઉપર વ્યાપક અસર પડવા સંભાવના છે. આગામી ગુરુવાર તા.૨૬ના સૌરાષ્ટ્રના ખાસ કરીને જામનગર, પોરબંદર, મોરબી, દ્વારકા અને કચ્છ જિલ્લામાં તથા ગુજરાતના બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, પંચમહાલ, દાહોદ, મહીસાગર, છોટા ઉદેપુર, નર્મદા વગેરે જિલ્લામાં માવઠાંની આગાહી કરાઈ છે. સૌરાષ્ટ્ર-કચ્છ ઉપર ઉત્તરથી રાજસ્થાન થઈને સીધા પવનો આવતા હોય છે જેના પગલે માવઠાં પછી ધ્રુજાવી દે તેવી કાતિલ ટાઢની ભીતિ પણ સર્જાઈ છે. દરમિયાન રાજકોટનું ક્લાઈમેટ બદલાયું છે, ઉનાળામાં દેશમાં સર્વાધિક તાપમાન અહીં નોંધાયા બાદ હવે રાજ્યનું સૌથી ઠંડુ શહેર રાજકોટ બની રહ્યું છે. નલિયામાં રણ પ્રદેશથી સીધા બર્ફીલા પવનો આવતા હોય ત્યાં કાયમ ઠંડી વધારે રહે છે, આજે ત્યાં ૫.૮ સે.તાપમાન નોંધાયું હતું જ્યારે તે સિવાયના ગુજરાતમાં સૌથી નીચું તાપમાન આજે રાજકોટમાં ૯.૪ સે. નોંધાયું છે. આ ઉપરાંત પોરબંદરમાં પણ આ સમયે નોર્મલ હોય તેના કરતા ૪થી ૫ સે. નીચું તાપમાન રહે છે, આજે ત્યાં ૧૦.૫ સે.એ કોલ્ડવેવ ફરી વળ્યો હતો.સૌરાષ્ટ્રમાં આ ઉપરાંત ગીરનાર પર્વત ૫ સે.તાપમાને ઠંડોગાર બની ગયો હતો અને આબુ જેવી ઠંડીનો અહેસાસ થયો હતો. કેશોદમાં ૯.૮, જુનાગઢ ૧૦, અમરેલી અને ભૂજમાં ૧૧,કંડલા ૧૧.૯, સુરેન્દ્રનગર ૧૨.૮ તથા ભાવનગર, અમદાવાદ, ગાંધીનગર ૧૪, દ્વારકા, વેરાવળ, દિવ, વડોદરા, ૧૫ સે. સાથે રાજ્યભરમાં ઠંડીનો અનુભવ જારી રહ્યો હતો.

## ચેક બાઉન્સ કરવામાં ગુજરાતીઓ દેશમાં ત્રીજા ક્રમે, ૪.૭૩ લાખથી વધુ કેસ પેન્ડિંગ



ગુજરાતની વિવિધ અદાલતોમાં ચેક બાઉન્સ અંગેના ૪.૭૩ લાખથી વધુ કેસ પેન્ડિંગ છે. ચેક બાઉન્સ અંગે સૌથી વધુ પેન્ડિંગ કેસ ધરાવતા રાજ્યોમાં ગુજરાત ત્રીજા સ્થાને છે. નેશનલ જ્યુડિશિયલ ડેટા ગ્રીડ દ્વારા જારી માહિતી અનુસાર ચેક બાઉન્સના સૌથી વધુ ૬.૪૧ લાખ કેસ રાજસ્થાનમાં પેન્ડિંગ છે. જ્યારે મહારાષ્ટ્ર ૫.૮૯ લાખ સાથે બીજા સ્થાને છે. ચેક બાઉન્સના કેસ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળ લડવામાં આવે છે.

ચેક બાઉન્સના પેન્ડિંગ કેસ સૌથી વધુ બાકી હોય તેવા ટોચના ૫ રાજ્યમાં પાયલટ સ્ટડી પણ કરાવ્યો હતો. ચેક બાઉન્સ થવા માટે વિવિધ કારણો જવાબદાર હોય છે. જેમાં ચેક પર લખાયેલી રકમ બેન્ક એકાઉન્ટમાં હોય જ નહી, ચેક આપનારનું એકાઉન્ટ જ બંધ હોવું, કોઇ શબ્દ લખવામાં ભૂલ, એકાઉન્ટ નંબરમાં ભૂલ, ઓવર રાઈટિંગ, ચેકની સમય મર્યાદા પૂરી થઈ ગઈ હોય, કંપનીના ચેકમાં સ્ટેમ્પ નહીં હોવોનો મુખ્યત્ત્વે સમાવેશ થાય છે. નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ મુજબ ચેક બાઉન્સ કરવો દંડનીય ગુનો ગણાય છે. આ માટે ૨ વર્ષની સજા અને દંડ અથવા બંનેની જોગવાઈ છે.

## છત્તીસગઢમાં ભયંકર અકસ્માત, ડ્રાઈવરે કાબૂ ગુમાવતાં જ મિની ટ્રક પલટી, ૫નાં મોત



છત્તીસગઢના બસ્તર જિલ્લામાં એક મિની માલ વાહક મિની ટ્રક પલટી જતાં ત્રણ મહિલાઓ સહિત પાંચ લોકોના કમકમાટી ભર્યા મોત થયા હતા. જયારે ૩૦થી વધુ લોકો ઘાયલ થયા છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, આ અકસ્માત ચંદમેટ્ટા ગામ પાસે થયો હતો. તે સમયે પીડિતો કોલેંગ ગામમાં સાપ્તાહિક બજારથી પરત ફરી રહ્યા હતા.અધિકારીએ જણાવ્યું કે પ્રાથમિક માહિતી અનુસાર, મિની કાર્ગો વાહનમાં લગભગ ત્રણ ડઝન લોકો સવાર હતા. ત્યારે હાઈવે પર અચાનક વાહન ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. જેના પછી આ મિની ટ્રક રોડ પરથી લપસી પલટી મારી ગઈ હતી. તેમણે કહ્યું કે ત્રણ મહિલાઓ સહિત પાંચ લોકોના ઘટના સ્થળે જ મોત થયા છે અને લગભગ ૩૦ લોકો ઘાયલ થયા છે. કેટલાક ઘાયલોને કોલેંગના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યારે અન્યને દરભાની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

## 'પરીક્ષા રદ થઈ જાય એટલે..' દિલ્હીમાં સ્કૂલને બોમ્બથી ઉડાવવાની ધમકી વિદ્યાર્થીઓએ જ આપી હતી



તાજેતરમાં જ દિલ્હીની ઘણી શાળાઓને ઈમેલ દ્વારા બોમ્બ બ્લાસ્ટની ધમકીઓ આપવામાં આવી હતી. હવે આ મામલે દિલ્હી પોલીસે ચોંકાવનારો ખુલાસો કર્યો છે. પોલીસે જણાવ્યું હતું કે આ ધમકી વિદ્યાર્થીઓ દ્વારા ત્રણ શાળાઓને આપવામાં આવી હતી અને ચોંકાવનારી વાત એ છે કે આ વિદ્યાર્થીઓ એ જ સ્કૂલમાં ભણે છે. માહિતી અનુસાર જે સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી તેમાં એક વેંકટેશ્વરા ગ્લોબલ સ્કૂલ હતી, જેને ૨૮ નવેમ્બરે રોહિણી પ્રશાંત વિહાર PVR મલ્ટીપ્લેક્સમાં રહસ્યમય વિસ્ફોટના એક દિવસ બાદ ધમકી ભર્યો ઈમેલ મળ્યો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું કે આ ઈમેલ શાળામાં અભ્યાસ કરતા ભાઈ-બહેનોએ મોકલ્યો હતો કારણ કે તેઓ ઈચ્છતા હતા કે પરીક્ષા સ્થગિત થઈ જાય.અધિકારીએ જણાવ્યું હતું કે, કાઉન્સેલિંગ દરમિયાન બંને વિદ્યાર્થીઓએ ખુલાસો કર્યો હતો કે શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની અગાઉ મળેલી ધમકીની ઘટનાઓથી પ્રેરાઈને અમારા મનમાં આ વિચાર આવ્યો હતો.

## મ.પ્ર.નાં દરોડાનો ત્રીજો દિવસ,જપ્ત સોના ચાંદીનો આંકડો ૩૦૦ કિલોને પાર

ભોપાલ : મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં લોકાયુક્ત પોલીસને કલ્પના પણ નહી હોય કે ટ્રાન્સપોર્ટ વિભાગના ભૂતપૂર્વ કોન્સ્ટેબલ સૌરભ શર્માને ત્યાં દરોડો પાડતા તેમના હાથમાં સોનાની ખાણ આવી જશે. આજે દરોડાનો ત્રીજો દિવસ છે, સૌરભ શર્માને ત્યાંથી સોના ચાંદી કિલો નહી ક્વિન્ટલના હિસાબે મળી રહ્યા છે. અત્યાર સુધી જપ્ત કરાયેલા સોના ચાંદીનો આંકડો ૩૦૦ કિલોને વટાવી ગયો છે. ત્રણ દિવસથી ચાલતા દરોડા હજી પણ ચાલુ છે. પોલીસની ટીમ જ્યાં હાથ નાખે છે ત્યાંથી સોનું કે ચાંદી મળે છે, નહીં તો રોકડા મળે છે. સૌરભ શર્માની ઓફિસમાં ટાઈલ્સની નીચેથી પણ ચાંદીનો ભંડાર મળ્યો છે. આ પહેલા તેના ઘરેથી પોણા ચાર કરોડ રુપિયાની રોકડ મળી ચૂકી છે. આ સિવાય ભોપાલમાં જંગલમાં મળેલી કારમાંથી બાવન કિલો સોનું અને ૧૧ કરોડ રોકડા મળી આવ્યા હતા. આ ઈનોવા કાર ચંદન ગોરના નામે રજિસ્ટર છે. ચંદનને સૌરભ શર્માનો ખાસ દોસ્ત જણાવાઈ રહ્યો છે.સૌરભ શર્માને ત્યાં પાડવામાં આવેલા દરોડામાં સીક્રેટ લોકર મળી આવ્યું હતું. તેની ઓફિસમાં ટાઈલ્સની નીચે ચાંદીની વસ્તુઓ છૂપાવાઈ હતી. આ ઉપરાંત હીરાની વીંટીઓ અને મોંઘી ઘડિયાળો પણ મળી છે. તેની સાથે લેડીઝ પર્સ પણ જપ્ત કરવામાં આવ્યું છે, જેની કિંમત લગભગ ૧૫ લાખ રુપિયા હોવાનું કહેવાય છે. હવે સવાલ એ છે કે વર્ષ પહેલા સુધી ૪૦ હજાર રુપિયાની મહિનાના પગારે કામ કરનારા સૌરભને ત્યાંથી મળેલા ખજાનાને જોઈને તપાસ ટુકડીમાં સામેલ અધિકારીઓ પણ અચંબામાં પડી ગયા છે. સોરભ અને ચંદન હજી પણ ફરાર છે. પોલીસ તેમને પકડવામાં લાગેલી છે.

# હેટ સ્પીચ-ઉસ્કેરણી જનક ભાષણ

## (કોઈપણ ધર્મમાં શ્રધ્ધા વ્યક્ત કરવી એ વ્યક્તિનો મૌલિક અધિકાર છે)


ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૫૩(ક) તથા (ડ) મુજબ ધર્મ, જાતિ, જન્મ સ્થળ, નિવાસ, ભાષા વિગેરે કારણોને લીધે જુદા જુદા જૂથો વચ્ચે દુશ્મનાવટોને પ્રોત્સાહન આપવા અને સૂમેળ જાળવી રાખવાને પ્રતિકૂળ એવા કૃત્યો કરી જે બોલીને સ્પીચ આપીને, લખીને, શબ્દો વડે ચિહ્નો વડે જોઈ શકાય તેવી નિશાની વડે કે અન્ય રીતે જાતી, ધર્મ, જન્મસ્થળ, ભાષા, જ્ઞાતિ અથવા કામનાા કારણે અથવા બીજા ગમે તે કારણે જુદા જુદા ધાર્મિક માનવજાતિય અથવા ભાષાકિય પ્રાદેશિક જુથો અથવા જ્ઞાતિઓ વચ્ચે દુશ્મનાવટની, ધિક્કારની અથવા દ્વેષની લાગણીઓને પ્રોત્સાહન આપે કે તેમ કરવાની કોશિશ કરે તથા કોમ-કોમ વચ્ચે જ્ઞાતિ વિરૂધ્ધ સુલેહ, શાંતિ ભંગ થાય, જાહેર શાંતિનો ભંગ થાય એવું અથવા જેનાથી શાંતિ ભંગ થવાનો સંભવ હોય એવું કૃત્ય કરે તેવા વ્યાયામ, હલન-ચલન, ઈશારા, કવાયત તથા બીજી પ્રવૃત્તિમાં ભાગ લેનાર ગુનાહિત બળ કે હિંસા વાપરે અથવા આવી તાલિમ લે અથવા આવી તાલિમ લેશે અને આવી પ્રવૃત્તિથી લોકોમાં ભય, ગભરાહટ કે બિન સલામતીની લાગણી જન્મે કે જન્મવાનો સંભવ હોય તો તે ગુનો બને તો તેવા ગુના સબબ ૩ વર્ષની કેદ અથવા દંડ બંને શિક્ષા કરવામાં આવશે. આવો ગુનો ધર્મસ્થાન વગેરેમાં કરેલો ગુનો હોય તો પાંચ વર્ષ સુધીની કેદની શિક્ષા કરવામાં આવશે અને દંડને પાત્ર બનશે. દંડ તથા સજા બંને કરવામાં આવે છે. બિન જાતિતિ ગુનો ચીફ મેજીસ્ટ્રેટને ચલાવવાની સત્તા આપવામાં આવી છે.

ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૫૩(બ) મુજબ કોઈ વર્ગની વ્યક્તિઓ કોઈ ધાર્મિક માનવ જાતિય, ભાષાકિય અથવા પ્રાદેશિક જૂથ કે જ્ઞાતિનાં સભ્યો હોવાના કારણે કાયદાથી સ્થાપિત ભારતનાં સંવિધાનમાં ખરી શ્રધ્ધા અને નિષ્ઠા ધરાવી જ ન શકે અથવા ભારતનાં સાર્વભૌમત્વ અને એકતાને પુષ્ટી આપી જ ન શકે.

કોઈ વર્ગની વ્યક્તિઓ કોઈ ધાર્મિક, જાતિય, ભાષાકીય અથવા પ્રાદેશિક જૂથ અથવા જ્ઞાતિ કે કોમનાં સભ્યો હોવાના કારણે તેમને ભારતનાં નાગરિકો તરીકેનાં હક્કો અપાય નહિ અથવા તેવા હક્કો લઈ લેવા જોઈએ, તેવું કથન કરે, સૂચન કરે, સલાહ આપે, પ્રચાર કરે અને તેની પ્રસિધ્ધી કરે તેને ઉસ્કેરણીજનક વક્તવ્ય આપે, પોતાની જાતિ, કોમ, ધર્મની હિમાયત કરી બીજી જાતિ, ધર્મ, કોમનું અપમાન કરે, બીજાને તેવું કરવાનું અનુરોધ કરે બીજા લોકો વચ્ચે વિખવાદ કે દુશ્મનાવટની અથવા ધિક્કારતી કે દુર્ભાવતી લાગણી જન્મે અથવા જન્માવે તો તેને ત્રણ વર્ષ સુધીની કેદની અથવા દંડની શિક્ષા અથવા શિક્ષા અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે. તેમજ ધાર્મિક સ્થાનોમાંથી આવો ગુનો કરતા પકડાય તો તે વ્યક્તિને પાંચ વર્ષ સુધીની કેદ તથા દંડ કરવામાં આવશે.ઈન્ડીયન પીનલ કોડની કલમ-૨૯૫(એ) મુજબ કોઈ વર્ગનાં લોકોનાં ધર્મનાં લોકો જેને પવિત્ર માને તેવી વસ્તુઓ નાશ કરે, નુકશાન કરે, અપવિત્ર કરે તો તેવા ગુનામાં બે વર્ષની સજા તથા દંડની બંનેની જોગવાઈ કરવામાં આવી છે.

ધર્મ પ્રત્યેની શ્રધ્ધા વ્યક્ત કરવી એ ગુનો નથી. કોઈપણ ધર્મમાં શ્રધ્ધા વ્યક્ત કરવી એ વ્યક્તિનો મૌલિક અધિકાર છે, પરંતુ જ્યારે જાહેર હિતનો પ્રશ્ન હોય કોઈ એક સમુદાય વ્યક્તિ ધર્મ, જાતિ, કોમની લાગણી દુભાય તેવો પ્રશ્ન હોય તો ઉશ્કેરણીજનક વાણી-વર્તન, ઈરાદા વ્યક્ત કરવા એ ગુનો છે. કોઈની પ્રાયવેટ પ્રોપર્ટીમાં નમાજ પઢવીએ ગુનો છે. બે કે તેથી વધુ લોકો એટલે સમૂહ ગણાય છે. વ્યક્તિ અને તેનું કુંટુંબ એ વર્ગનાં લોકોનો સમૂહ નથી.

**કાયદાની કલમ**



લેખકઃ ડો. અશ્વિન વી. ત્રિવેદી
(એડવોકેટ, નોટરી અને સ્પે. પી.પી.)

---

**તંત્રી સ્થાનેથી..**

## છેવટે સ્ટીલની સસ્તી આયાત સામે એન્ટી ડમ્પિંગ ડયૂટી તપાસ શરૂ

સ્ટીલ ઉદ્યોગની સતત માગને ધ્યાનમાં રાખી છેવટે સરકારે સ્ટીલની આયાત પર સેફગાર્ડ ડયૂટી લાગુ કરવી કે કામચલાઉ ટેકસ લાગુ કરવો તેની તપાસ શરૂ કરી છે. ઈન્ડિયન સ્ટીલ એસોસિએશનની ફરિયાદને આધારે આ તપાસ શરૂ કરાઈ હોવાનું ડાયરેકટર જનરલ ઓફ ટ્રેડ રેમેડિસ દ્વારા એક નિવેદનમાં જણાવાયું હતું.ભારતમાં નોન એલોય તથા એલોય સ્ટીલ ફલેટ પ્રોડકટસની સસ્તી આયાત સામે સ્ટીલ ઉદ્યોગ દ્વારા લાંબા સમયથી સરકાર સમક્ષ રજૂઆત કરાતી હતી અને યોગ્ય પગલાં લેવાની માગણી કરવામાં આવી હતી.તાજેતરના દિવસોમાં આયાતમાં જોરદાર વધારો થયાનું ધ્યાનમાં આવતા આ તપાસ કરવાનું જરૂરી બની ગયું હોવાનું ડાયરેકટર જનરલ ઓફ ટ્રેડ રેમેડિસના સુત્રોએ જણાવ્યું હતું. વર્તમાન નાણાં વર્ષના પ્રથમ આઠ મહિનાના સ્ટીલ આયાતના ડેટા જણાવે છે, કે ચીન ખાતેથી ભારતની ફિનિશ્ડ સ્ટીલ આયાત વિક્રમી સ્તરે રહી છે. આયાતમાં વધારો થતાં ઘરઆંગણેની સ્ટીલ મિલોની ચિંતામાં વધારો થયો છે. ફિનિશ્ડ સ્ટીલની આયાત વધી આઠ વર્ષની ટોચે રહી છે. વિશ્વના બીજા મોટા ક્રુડ સ્ટીલ ઉત્પાદક ભારત વર્તમાન નાણાં વર્ષના પ્રથમ આઠ મહિનામાં સ્ટીલનો નેટ આયાતકાર બની ગયો છે. આ ગાળામાં ભારતની ફિનિશ્ડ સ્ટીલની આયાત ૨૬.૬૦ ટકા વધી ૬૫ લાખ ટન રહી છે. આ ગાળામાં ચીને ભારત ખાતે ૧૯.૬૦ લાખ ટન ફિનિશ્ડ સ્ટીલ નિકાસ કર્યું છે, જે વાર્ષિક ધોરણે ૨૨.૮૦ ટકા વધુ છે, એમ પ્રાપ્ત ડેટા જણાવે છે.

વર્તમાન નાણાં વર્ષના પ્રથમ આઠ મહિનામાં ભારતની કુલ ફિનિશ્ડ સ્ટીલ આયાતમાંથી ૭૯ ટકા આયાત ચીન, જાપાન તથા દક્ષિણ કોરિઆ ખાતેથી થઈ હતી.

## ખાદ્યપદાર્થોની કિંમતો પર વ્યાજ દરોની મર્યાદિત પણ ફુગાવા પર સીધી અસર

નવી દિલ્હી : ખાદ્યપદાર્થોની કિંમતો એકંદર ફુગાવાને અસર કરી રહી છે પરંતુ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મોનેટરી પોલિસી કમિટીના બે બાહ્ય સભ્યો કહે છે કે વ્યાજ દરોની તેમના પર મર્યાદિત અસર છે. આ બે બાહ્ય સભ્યો નાગેશ કુમાર અને રામ સિંહે પોલિસી રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટ્સનો ઘટાડો કરવાની તરફેણમાં મતદાન કર્યું હતું. જો કે મોનેટરી પોલિસી કમિટીએ ૪-૨ની બહુમતી સાથે રેપો રેટ ૬.૫ ટકા જાળવવાનો નિર્ણય લીધો હતો. જુલાઈથી સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૫.૪ ટકાના જીડીપી વૃદ્ધિ દરને ટાંકીને આ સભ્યોએ જણાવ્યું હતું કે, વૃદ્ધિમાં વર્તમાન મંદી ખૂબ ગંભીર છે અને તેના પર નીતિગત ધ્યાન આપવાની જરૂર છે. ફુગાવામાં વધારો મોટાભાગે ખાદ્યપદાર્થોના ભાવને કારણે છે, જેનું ઈન્ડેક્સમાં ઊંચું વજન છે. વેજ દર શાકભાજી અને ફળોના ભાવની વધઘટમાં નજીવી ભૂમિકા ભજવે છે. છેલ્લા ૧૦ ક્વાર્ટરમાં વ્યાજ દરમાં વધારાની ખાસ કરીને ટામેટાંની કિંમત પર કોઈ ખાસ અસર થઈ નથી. મુખ્ય ફુગાવો (૪ ટકાથી નીચે) અને પોલિસી રેટ (૬.૫ ટકા) ૨.૫ ટકાથી વધુ વચ્ચેના તફાવતની ચર્ચા કરતાં તેમણે જણાવ્યું હતું કે દરમાં ઘટાડાથી બિઝનેસ કરવાની કિંમતમાં ઘટાડો થશે અને કંપનીઓ અને કંપનીઓ માટે રોકડ એકત્ર કરવાની તક વધશે.રિઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નર માઈકલ પાત્રાએ હેડલાઈન ફુગાવાના વધારા અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને ફુગાવાના દ્રષ્ટિકોણ પર કડક રહ્યા હતા.

## વદરાડ રિસર્ચ સેન્ટરની વિદ્યાર્થીઓ મુલાકાત લીધી




શેઠ શ્રી જે બી ઉપાધ્યાય હાઈસ્કૂલના બાળકો એ વદરાડ ખાતે આવેલ રિસર્ચ સેન્ટર ની વિઝીટ કરી શિક્ષણની સાથે સાથે આધુનિક ભારતના નિર્માણમાં હવે આધુનિક ખેતી પણ અનિવાર્ય બની છે ત્યારે શાળાના ધોરણ ૯ ના બાળકોમાં આધુનિક ખેતી અંગેની સમજ વધારે વિકસે અને આધુનિક ભારતના ભવિષ્યના આધાર સ્તંભો બને તે માટે શાળા દ્વારા વિદ્યાર્થીઓને ફિલ્ડ વિઝીટ કરાવી હતી.જેમાં બાળકોએ આધુનિક ખેતીના નવા આયામોનો પદ્ધતિસર અભ્યાસ કર્યો હતો.આ કાર્ય બદલ તમામ બાળકોને તથા તેમના વોકેશનલ ટ્રેનરને શાળા પરિવારે શુભેચ્છા પાઠવી હતી.વિહુસિંહ ચૌહાણ

## અબડાસાના પિયત વિસ્તારમાં પાકતા ચણિયા બોર મહારાષ્ટ્ર સુધી પહોંચે છે

ભુજઃ શિયાળાની સિઝનમાં ખાટા-મીઠા ચણીયા બોરનું આગમન થયું છે.ખુલ્લા વગડામાં ખાસ કરીને કપિયત વિસ્તારમાં કે જ્યાં ખુલ્લો સીમાડો છે ત્યાં રોડની બંને બાજુએ તથા ખેતરના શેઢે ખાસ કરીને ચણિયા બોર જોવા મળે છે.જોકે બોરમાં પણ વિવિધ પ્રકારની અલગ-અલગ જાત છે. ત્યારે નાના બાળકોને સૌથી




મનપસંદ એવા ચણિયા બોર ખાસ કરીને અબડાસાના વિસ્તારમાં પાકતા ખાટ્ટા મીઠા ચણિયા બોર ખાનાર એક મોટો વર્ગ છે. અને અબડાસા વિસ્તારમાં પાકતા બોર પાડોશી રાજ્ય મહારાષ્ટ્ર સુધી પહોંચે છે.વનવગડામાં પાકતા ચણિયા બોર વિવિધ પંખીઓ માટે તો ખોરાક પૂરો પાડે છે, સાથે સાથે ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકોને પણ રોજી રોટી પુરી પાડે છે.કોઈ પણ જાતની દેખ રેખ કે માવજત વિના થતા આ બોર માનવ અને પક્ષીઓને માટે આશીર્વાદરૂપ છે . ભૂતકાળમાં ડોકિયું કરીએ તો દાયકાઓ અગાઉ સીમાડામાંથી બોર આવતા અને ગામમાં શેરીએ-શેરીએ ફરીને અને રિશેશ સમયે શાળા પાસે ઉભા રહીને આ બોર વેચવામાં આવતા હતા. દાયકાઓ અગાઉ, સ્થાનિકે ' પાટઈ ' કહેવાતા એક પ્રમાણભૂત માપમાં માત્ર ૫ રૂપિયાના ભાવે તેમજ ૫૦ પૈસા કે ૧ રૂપિયામાં ૧ નાનકડી પ્લાસ્ટિકની ડબ્બીના માપમાં વેચવામાં આવતા.પરંતુ હવે વજનના હિસાબે વેચવામાં આવે છે. તાજા બોરાની કિંમત હાલમાં ૧૦૦ થી ૧૨૦ રૂપિયા છે. આમ, બોરા લોકોને રોજગારીની પણ તકો પૂરો પાડે છે.જોકે ગ્રામ્ય વિસ્તારમાં હજી પણ કેટલો એવો યુવા વર્ગ છે કે જે શોખ ખાતર બોરા ખાવા માટે સીમાડામાં પરિભ્રમણ કરીને બોરા વીણવા જાય છે. આ વખતે જો કોઈ અનુભવ કે તકનીક ન હોય તો હાથમાં બોરના પાલા કાંટા ખૂંપી જાય છે.

છેલ્લા થોડા સમયથી બોરા ના ઉત્પાદનમાં ઘટાડો જોવા મળી રહ્યું છે.જેના એક કારણના ભાગ રૂપે બોરના ક્ષુપના કાંટા ખેતરના શેઢે કંટાળી વાડ તરીકે કામમાં આવતા હોવાથી તેમને કાપીને ઉપયોગ કરવામાં આવે છે.જેના કારણે પણ ચણિયા બોરની ઝાડીમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. અબડાસા વિસ્તારમાં પાકતા ચણિયા બોર તાલુકો, જીલ્લો અને રાજ્ય પાર કરીને ઠેઠ મુંબઈ સુધી પહોંચે છે.

## લાખણી શહેરમાં જાહેર શૌચાલય બનાવવા માંગ

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક લાખણી શહેરમાં જાહેર શૌચાલયની સુવિધાના અભાવે લાખણી સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા પ્રજાજનોને જાહેર શૌચાલયના અભાવે તકલીફોનો સામનો કરવો પડતો સ્થાનિક તંત્ર દ્વારા સત્વરે જાહેર શૌચાલય બનાવામાં આવે તેવી સ્થાનિક અને તાલુકા પંથકના પ્રજાજનોની માંગ ઉઠી છે.-અશોક ભાટી



---



**બાબુલાલ એસ. પટેલ, MO: 9427685044**

## મેનેજિંગ તંત્રી અખંડ ભારત દૈનિક ન્યુઝ ગાંધીનગર. ગુજરાત.

## "આટલા વર્ષો પછી પણ જગતનો તાત લાચાર જ છે !!

"આટલા વર્ષો પછી પણ જગતનો તાત લાચાર જ છે !!
"હું જગત નો તાત...
વિનવું જોડી ને બે હાથ..!
કહું છું મારી કહાની ...ભરી આંખો માં પાણી....
મારી વેદના સૌ કોઈ એ જાણી...
છતાં રહી હર પળ અજાણી..!!
કહેવાઉં તો છું, "જગત નો તાત"...
છતાં છું હર પળ અનાથ..
નથી સાંભળતું કોઈ મારી અરદાસ
આમ તો છું "અન્નદાતા"...
છતાં તરસુ છું બે ટંક અન્ન માટે..
મારું જ ઉત્તપન્ન કરેલું ધાન
હું જ ખરીદું છું ચૂકવી બેગણા દામ..!
આમ તો
"જય જવાન , જય કિશાન , જય વિજ્ઞાન."
બોલે આખું હિંદુસ્તાન..!
જવાન ની શહાદત પર ...
શૌક માનવે આખું હિન્દુસ્તાન..!
દુઃખ વ્યક્ત કરે આપી સહાય..
વિજ્ઞાન ની તરક્કી ...
વખાણે આખું જગ...!
વધાવે આપી પુરસ્કાર...
જ્યારે આ ધરતી સુકાણી...
ના વરસ્યું એક બુંદ પાણી..
મિટ્ટી માં મળી ગઈ મારી જિંદગાની..!
દેવા ના બોજ તળે ડૂબી ને ....
અંતે મોત ને ગળે લગાવી..!!
મારી આત્મહત્યા પર
ક્યાં હતું આ હિન્દુસ્તાન..??
કેમ ના લીધી કોઈએ
મારી દરકાર...??
કેમ ના સાંભળ્યો કોઈએ
મારો સાદ..??"
"અજ્ઞાત"

આ કવિતા થોડી જૂની છે પણ આ દેશના દરેક ખૂણાના ખેડૂતોનો અવાજ છે.

આજે કુદરત રુઠે એના કરતાંય પાણી ના ભાવે પાક વેચાય ત્યારે ખેડૂત નો આત્મા જ મરણ પામે છે.જે એક આત્મા હત્યા જ ગણાય!!"..............

"ભારત કૃષિપ્રધાન દેશ છે એવું માનવામાં અને બાળકોને શાળામાં ભણાવવામાં આવે છે".

શું હવે ની ખેડૂતો ની પરિસ્થિતિ જોઈને આપણે ભૂલતો કરતા નથી ને? અસંખ્ય કૃષિ ધિરાણ માટેની યોજનાઓ પછી પણ આજના ખેડૂત ને ખેતમજૂરી પણ મળતી નથી!!!!

ઉજવણીઓ કરવા માત્રથી ઉદ્ધાર થાય તેમ હવે લાગતું નથી. ડાયરેક્ટ ખાતામાં પૈસા નાખીને માત્ર ખેડૂત હોવાની ખાત્રી કરવા પુરતી સાબિતી કરવા કરતાં ખેતમજૂર અને ખેડૂતો માટે હજુ પણ નકકર કરવામાં આવે તે જરૂરી છે.

"૨૩મી ડિસેમ્બર દેશના પાંચમા વડાપ્રધાન અને પીઢ ખેડૂતની જન્મજયંતિ પણ છે.

તેમનું નામ નેતા ચૌધરી ચરણ સિંહ છે. તેમણે જગતના તાતના હિતમાં અને ખેતી માટે ઘણા મહત્વપૂર્ણ કાર્યો કર્યા છે, જેમાં તેઓને આ દિવસે યાદ કરવામાં આવે છે. ચૌધરી ચરણ સિંહ કહેતા હતા કે ખેડૂતોની હાલત બદલાશે, તો જ દેશનો વિકાસ થશે અને તેઓ આ દિશામાં કામ કરતા રહ્યા."

ચૌધરી ચરણ સિંહ, જેઓ થોડા મહિનાઓ માટે દેશના વડાપ્રધાન હતા, તેમણે ખેડૂતો અને કૃષિ ક્ષેત્રના ઉત્થાનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેઓ દેશના સૌથી પ્રખ્યાત ખેડૂત નેતાઓમાંના એક તરીકે ઓળખાય છે. ૨૦૦૧ માં, ભારત સરકારે કૃષિ ક્ષેત્ર અને ખેડૂતોના હિતમાં કરેલા તેમના કાર્યો માટે ૨૩ ડિસેમ્બરને ખેડૂત દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું હતું. ત્યારથી દર વર્ષે આ દિવસે આપણી થાળીમાં ભોજન આપનારા ખેડૂતો પ્રત્યે આભાર વ્યક્ત કરવા આ દિવસ ઉજવાઈ છે.

ઉત્તર પ્રદેશમાં એક ખેડૂત પરિવારમાં જન્મેલા ચૌધરી ચરણ સિંહ ગાંધીજીથી ખૂબ જ પ્રભાવિત હતા અને જ્યારે દેશ ગુલામ હતો ત્યારે તેમણે અંગ્રેજો સામે આઝાદીની લડાઈ પણ લડી હતી. આઝાદી બાદ તેમણે ખેડૂતોના હિત માટે કામ કરવાનું શરૂ કર્યું. તેમનું રાજકારણ મુખ્યત્વે ગ્રામીણ ભારત, ખેડૂત અને સમાજવાદી સિદ્ધાંતો પર કેન્દ્રિત હતું.

તેઓ બે વખત ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી બન્યા. જો કે બંને વખત તેમનો કાર્યકાળ લાંબો ચાલ્યો ન હતો. તેમ છતાં, મુખ્યમંત્રી તરીકે, તેમણે જમીન સુધારણા લાગુ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી અને ખેડૂતોના હિતમાં ઘણા મોટા નિર્ણયો લીધા. એવું કહેવાય છે કે ચૌધરી ચરણ સિંહે જ ઉત્તર પ્રદેશ જમીનદારી અને જમીન સુધારણા બિલનો ડ્રાફ્ટ તૈયાર કર્યો હતો.

દેશના કૃષિ મંત્રી રહીને તેમણે જમીનદારી પ્રથાને ખતમ કરવા માટે અથાક પ્રયાસો કર્યા હતા. પછીના વર્ષોમાં તેમણે કિસાન ટ્રસ્ટની સ્થાપના કરી, જેનો ધ્યેય દેશના ગ્રામવાસીઓને અન્યાય સામે શિક્ષિત કરવાનો અને તેમની વચ્ચે એકતા વધારવાનો હતો.

ભારત એક કૃષિપ્રધાન દેશ છે અને આજે પણ અડધાથી વધુ વસ્તી કૃષિ અથવા સંલગ્ન પ્રવૃત્તિઓ પર નિર્ભર છે.

આમ, દર વર્ષે ૨૩ ડિસેમ્બરને ભારતમાં કિસાન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે, દેશ અન્નદાતાઓ પ્રત્યે આભાર વ્યક્ત કરે છે જેઓ અથાક મહેનત કરે છે અને ભારતના અર્થતંત્રમાં તેમનું યોગદાન આપે છે. કિસાન દિવસ નિમિત્તે આયોજિત કાર્યક્રમોમાં કૃષિ વૈજ્ઞાનિકોનું યોગદાન, ખેડૂતોની સમસ્યાઓ, ખેતીમાં નવા પ્રયોગો, નવી ટેકનોલોજી, પાકની પદ્ધતિ અને ખેતીમાં થતા ફેરફારો જેવા અનેક મુદ્દાઓ પર સાર્થક ચર્ચા થાય છે.. .. રામે... રામ. મેનેજિંગ એડિટરશ્રી અખંડ ભારત દૈનિક ગાંધીનગર, ગુજરાત.

# ગરબાડા મહાપીઠના હોદ્દેદારોની વરણી કરાઈ





પ્રમુખ તરીકે ગરબાડા ના પ્રવીણભાઈ ચાવડાની નિયુક્તિ કરી જે સમાજ માટે ગૌરવ છે .

સંત શિરોમણી ગુરુ રવિદાસ વિશ્વ મહાપીઠ આંતરરાષ્ટ્રીય કક્ષાએ આ સંગઠન સંત શ્રી રવિદાસના વિચારો, કાર્યો તેમજ જીવન -કવન અને પ્રચાર- પ્રસાર કરવા સંસ્થા દ્વારા સામાજિક કાર્યો કરી સામાજિક ઋણ અદા કરી સમાજ શિક્ષિત બને તેમજ વ્યસન મુક્ત બને અને ખોટા કુરિવાજો, અંધશ્રદ્ધ વગેરેમાંથી સમાજને સંત રવિદાસ તેમજ ડો બાબાસાહેબ આંબેડકર ના શિક્ષણના બતાવેલા માર્ગ ઉપર સમાજને લઈ જવાના ઉમદા હેતુ માટે આ સંગઠન કાર્યરત છે ,ત્યારે આ સંગઠનના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ દુષ્યંતકુમાર ગૌતમ, મહામંત્રી આત્મારામ પરમાર, ગુજરાત પ્રદેશ પ્રમુખ આર.એમ.પટેલ ના માર્ગદર્શન હેઠળ ગરબાડા તાલુકામાં નીચે મુજબની વરણી કરેલ છે. પ્રમુખ- પ્રવીણભાઈ ચાવડા, મહામંત્રી- ભરતભાઈ કાચીલા ગાંગરડી અને જેસાવાડાના ધનાભાઈ પરમાર જ્યારે ઉપપ્રમુખ તરીકે જેસાવાડા ના અલ્કેશભાઈ ચાવડા, અભલોડ ના જગદીશભાઈ મકવાણા અને બોરીયાલાના કનુભાઈ પરમાર જ્યારે સહમંત્રી તરીકે ચંદલાના દિનેશભાઈ હઠીલા અને ખરેલી ના રમેશભાઈ ચાવડા જ્યારે સંગઠન મંત્રી તરીકે ગુંગરડી ના સતિષભાઈ ચાવડા,જ્યારે કારોબારી સભ્યો તરીકે ગાંગરડી ના કિશોરભાઈ કાચીલા, જેસાવાડા ના જીવાભાઈ સોલંકી, જામ્બુવા રાજુભાઈ પરમાર, ગાંગરડાના લક્ષ્મણભાઈ ચાવડા, નળવાઈના દિવાનભાઈ પરમાર, ટૂંકી ના ભરતભાઈ મકવાણા, દાદૂરના નીતિનભાઈ મકવાણા, ગરબાડા ના ગણેશભાઈ ચાવડા, જાંબુવાના મોહનભાઈ ચાવડા, જેસાવાડા ના રસિકભાઈ મકવાણા અને દિનેશભાઈ સોલંકી ની વરણીની જાહેરાત કરવામાં આવેલ છે જે રોહિત સમાજ દાહોદમાં આનંદની લાગણી પ્રસરી છે -કિરણસિહ ચાવડા

# જૂનાગઢ ખાતે વિકાસ કાર્યોની સમીક્ષા માટે બેઠક યોજાઈ

ગુજરાત સરકારના કૃષિ અને પશુપાલન તથા જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને આજે જૂનાગઢ મહાનગરપાલિકા અને જિલ્લાની નગરપાલિકાઓના વિકાસ કાર્યોની સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. જૂનાગઢ મહાનગરપાલિકા અને જિલ્લાની નગરપાલિકાઓની સમીક્ષા બેઠકમાં મંત્રીએ સંબંધિત અધિકારીઓ પાસેથી વિકાસ કાર્યોની વિગતો મેળવી હતી,આ સાથે તેમણે પ્રજાજનોની સુખાકારીમાં વધારો કરતા વિકાસ કાર્યો ઝડપભેર પૂર્ણ કરવા માટે નિર્દેશ આપ્યા હતા. તેમણે એ



પણ સ્પષ્ટ કર્યું કે, વહીવટી પ્રક્રિયાના કારણે વિકાસ કાર્યોમાં વિલંબ ન થવો જોઈએ.

ઉપરાંત જન પ્રતિનિધિશ્રીઓ અને પદાધિકારી તરફથી રજૂ થયેલા પ્રશ્નોના નિરાકરણ માટે પણ ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. તેમજ ગુજરાત સરકાર અને રિજીયોનલ કમિશનર કક્ષાના પ્રશ્નોના હલ માટે પણ પરામર્શ કરવામાં આવ્યો હતો.પ્રજાજનોને સ્પર્શતા રોડ રસ્તા,ગટર, પાણી સહિતના પ્રશ્નોના નિરાકરણ માટે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતા.આ બેઠકમાં સાંસદ રાજેશભાઈ ચુડાસમા, જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમર, ધારાસભ્ય દેવાભાઈ માલમ, સંજયભાઈ કોરડીયા, ભગવાનજીભાઈ કરગઠિયા અરવિંદભાઈ લાડાણી, જિલ્લા કલેકટર અનિલ કુમાર રાણાવાસસિયા, કમિશનર ઓમ પ્રકાશ, નાયબ વન સંરક્ષક પ્રશાંત તોમર,નિવાસી અધિક કલેકટર એન.એફ. ચૌધરી, જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ પટેલ જિલ્લા શહેર પ્રમુખ પુનિતભાઈ શર્મા ઉપરાંત નગરપાલિકાઓના હોદ્દેદારો, ચીફ ઓફિસર સહિત સંલગ્ન વિભાગીય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.કિશન બહેચા

## ઊંઝા ગંજ બજારમાં દૈનિક જીરાની ૮૦૦૦ બોરીની આવક:ભાવ મણે સુપર રૂ ૪૪૦૦થી ૪૫૦૦ સુધીનાં

ઊંઝા ગંજ બજારમાં દૈનિક જીરાની ૮૦૦૦ બોરીની આવક જોવા મળી રહી છે. જેમાં સુપર ભાવ મણે રૂ ૪૪૦૦થી ૪૫૦૦ સુધીના જોવા મળ્યા હતા. બેસ્ટ ભાવ રૂ ૪૩૫૦થી ૪૪૦૦ અને મીડિયમ ભાવ રૂ ૪૩૦૦થી ૪૩૫૦ અને એવરેજ ભાવ રૂ ૪૨૫૦થી ૪૩૦૦ સુધીનાં જોવા મળ્યા હતા.ઊંઝા ગંજ બજારમાં વરિયાળીની દૈનિક ૩૫૦૦ બોરી જોવા મળી રહી છે. જ્યારે સુપર ગ્રીન ભાવ મણે રૂ ૪૫૦૦થી ૫૫૦૦ બેસ્ટ ગ્રીન રૂ ૩૫૦૦થી ૪૫૦૦ અને મીડિયમ ગ્રીન ભાવ રૂ ૨૫૦૦થી ૩૫૦૦ અને ચાલુ ગ્રીન ભાવ મણે રૂ ૧૮૦૦ થી ૨૫૦૦ સુધીનાં જોવા મળ્યા હતા. એક્સપોર્ટ ક્વૉલિટી વરીયાળી બજાર ભાવ મણે રૂ ૧૬૫૦થી ૧૭૫૦ અને એવરેજ ભાવ રૂ ૧૪૫૦થી ૧૫૫૦ અને ચાલુ ભાવ રૂ ૧૨૫૦થી ૧૩૫૦ સુધીનાં જોવા મળ્યા હતા. આ ઉપરાંત ઈસબગૂલ આવક ૪૦૦૦ બોરી જોવા મળી છે. પૅકેટ ભાવ મણે રૂ ૨૫૫૦થી ૨૬૫૦ અને ફોરેન ભાવ રૂ ૨૩૫૦થી ૨૫૫૦ અને રાજસ્થાન ઈસબગૂલ મણે રૂ ૨૫૦૦થી ૨૮૦૦ સુધીનાં ભાવ જોવા મળ્યા હતા.

તલ આવક દૈનિક ૮૦૦ બોરી જોવા મળી છે. તેમજ મણે સુપર ભાવ રૂ ૨૬૫૦થી ૨૮૫૦ અને બેસ્ટ ભાવ રૂ ૨૪૭૫થી ૨૫૨૫ અને મીડિયમ ભાવ રૂ ૨૪૫૦થી ૨૫૫૦ અને એવરેજ ભાવ રૂ ૨૨૫૦થી ૨૩૫૦ સુધીનાં જોવા મળ્યા હતા. અજમો આવક ૭૦૦ બોરી થઈ રહી છે.

# જૂનાગઢના ભેંસાણમાં સર્વેની કામગીરી હાથ ધરાઈ





જૂનાગઢ ભેસાણ તાલુકામા રાષ્ટ્રીય રક્તપિત નિર્મુલન કાર્યક્રમ અંતર્ગત સર્વે કામગીરી હાથ ધરવામાં આવી જેમાં તાલુકા હેલ્થ કચેરી-ભેસાણ ના (૬) ગામોમાં કામગીરી કુલ ૭ દિવસ દરમ્યાન આશા અને ફીલ્ડ લેવલ વોલેન્ટીયર તથા અન્ય આરોગ્ય કાર્યકર દ્વારા ઘરે-ઘરે સર્વે કામગીરી હાથ ધરવામાં આવી હતી.રક્તપિત નિર્મુલન કાર્યક્રમ હેઠળ ભેસાણ તાલુકાના છ (૬) ગામો પૈકી ચાર (૪)ગામોમા વાડી વિસ્તારની વસ્તી તથા બે (૨) ગામોમા સંપૂર્ણ વસ્તીનો સર્વે કરવામા આવ્યો.આ કાર્યક્રમમા તાલુકાની ૮ હેલ્થ ટીમ જોડાઇ હતી. જેમા કુલ ૧૩૯૬ ઘરોમાં સર્વે કરવામા આવ્યો હતો,તથા ૭૬૪૫ જનસંખ્યાની તપાસ કરવામા આવી .આ સમગ્ર કાર્યક્રમ નું સુપરવિઝન તાલુકા હેલ્થ ઓફિસર ડો.એમ.એસ.અલી તથા તમામ મેડીકલ ઓફિસર પી.એચ.સી.દ્વારા કરવામા આવ્યુ તથા પી.એચ.સી ના મલ્ટી પર્પઝ હેલ્થ સુપરવાઈઝર દ્વારા સુપરવિઝન કામગીરી અને રિપોર્ટિંગ કામગીરી તથા જનરલ સુપર વિઝન તાલુકા હેલ્થ સુપરવાઈજરશ્રી ભેસાણ એ નિભાવી હતી.આમ તાલુકા હેલ્થ ઓફિસરની એક અખબારી યાદીમાં જણાવાયુ.કિશન બહેચા

# ગાંધીનગરથી દહેગામ જતી બસના ડ્રાઈવરની બેદરકારી

ગુજરાત એસટીની બસમાં મુસાફરી કરતા એક અંડર ગ્રેજ્યુએટ વિદ્યાર્થીએ ડ્રાઈવર પર ચાલુ બસે લોકોના જીવ જોખમમાં મૂક્યાનો ગંભીર આરોપ લગાવ્યો છે. તેનું કહેવું છે કે, ગાંધીનગરથી દહેગામ જતી બસ નંબર GJ 18 ઝેડ ૯૯૨૩નો આ બનાવ છે. ડ્રાઈવરે ચાલુ સવારીએ મોબાઈલ ફોન પર વાત કરીને મુસાફરોના જીવ જોખમમાં મૂક્યા હતા. આ ઉપરાંત, ડ્રાઈવરે બેદરકારી પૂર્વક વાહન ચલાવીને અન્ય વાહનોને ઓવરટેક કર્યા હતા, જેનાથી અકસ્માતની શક્યતા વધી ગઈ હતી.

વિદ્યાર્થીએ આ ઘટનાનો વીડિયો પણ બનાવ્યો છે, જેમાં ડ્રાઈવર મોબાઈલ પર વાત કરતો સ્પષ્ટ પણે જોવા મળે છે. ડ્રાઈવરની બેદરકારીથી સલામત સવારી એસટી અમારી એ ટેગ લાઈન સાથે સરકારી બસ સેવાની સલામતી પર પ્રશ્નાર્થ ઉભો કર્યો છે.

આ ઘટનાએ ST બસ સેવાની સલામત સવારી ST અમારી એ ટેગ લાઈન સાથે સરકારી બસ સેવાની સલામતી પર પ્રશ્નાર્થ ઉભો કર્યો છે. મુસાફરોને સલામત અને સુરક્ષિત મુસાફરી મળે તે માટે STએ આવા બેદરકાર ડ્રાઈવરો સામે કડક કાર્યવાહી કરવી જોઈએ તેવી માગ વિદ્યાર્થી કરી રહ્યો છે.

# કુંડાસણ ખાતે યોગ ધ્યાન શિબિર યોજાઇ






ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા વિશ્વ ધ્યાન દિવસ નિમિત્તે તા.૨૧/૧૨/૨૦૨૪ યોગ ધ્યાન શિબિરનું આયોજન કુડાસણ ગૂડા ગાર્ડન કહતે કરવામાં આવ્યું તેમાં મુખ્ય મહેમાન ડૉ અશ્વિન ત્રિવેદી તેમજ સ્થાનીક કોર્પોરેટર શૈલાબેન ત્રિવેદી તેમજ બ્રહ્મ અગ્રણી સુનિલભાઈ ત્રિવેદી, બ્રહ્માકુમારીમાંથી બાબુભાઈ જાની, ગાંધીનગરના ડિસ્ટ્રિક્ટ કોર્ડીનેટર ભાવનાબેન જોશી, યોગ કોચ નીતાબેન રાજગોર, યોગેશભાઈ, જીગ્નેશભાઈ વ્યાસ, ઈન્સ્પેક્શન કોર્ડિનેટર સ્મિતાબેન, યોગ શિક્ષક ઈન્દુબેન પટેલ કુડાસણ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. કૂડાસણની જાહેર જનતા તેમજ ગાંધીનગરના યોગ કોચ અને યોગ ટ્રેનરના સહયોગથી શિબિર સફળ રહ્યો.ડિસ્ટ્રિક્ટ કોર્ડીનેટર ભાવનાબેન જોષી અને ઈન્સ્પેક્શન કોર્ડીનેટર સ્મિતાબેન દ્વારા સૂક્ષ્મ વ્યાયામ અને પ્રાણાયામ કરવામાં આવ્યા, જ્યારે અરવિંદ કેન્દ્રના સાધક કૌશિકભાઈ રાવલ દ્વારા ધ્યાન કરાવવામાં આવ્યું.

# લાખણી હેર સલૂન એસોશિયનનો ભાવ વધારાનો નિર્ણય

દરેક ક્ષેત્રમા કાળઝાળ મોંઘવારી વધતાં લાખણી નાઈ હેર સલૂન એસોસિએશને પણ ભાવ વધારાનો નિર્ણય લીધો છે. આજ કાલ દરેક ક્ષેત્રે મોંઘવારી નો માર ઝીકાઇ રહ્યો છે. જયાં જુઓ ત્યાં મોંઘવારી વધતી જાય છે, ત્યારે મોંઘવારી નો માર આમ આદમી ના ખિસ્સા પર પડે છે.એવામાં લાખણી વિસ્તારમાં દાઢી કરાવવી અને વાળ કપાવવા માટે ૨૦% નો વધારો લાગુ કરવાનો નિર્ણય સલૂન અને બ્યુટી પાર્લરના વ્યવસાયિકોએ લીધો છે.

લાખણીમાં હાલમાં ૩૦ થી ૪૦ હૈર સલૂન અને બ્યુટી પાર્લર છે.આ વ્યવસાયમાં ૧૦૦ વધુ કારીગરોનું ગુજરાન ચાલે છે.વધતી જતી મોંઘવારી ના માર



થી આમ જનતા ત્રસ્ત છે, એવા માં હવે દાઢી કરાવવી અને વાળ કપાવવા માટે પણ ભાવવધારો ચૂકવવો પડશે.આ ભાવ વધારો નવા વર્ષ ૨૦૨૫ થી અમલ માં આવી જસે, નવો વધારો કરવામાં આવેલ ભાવ આ પ્રમાણે રહેશે,હેર કટિંગ -૭૦ રૂપિયા, સેવિંગ (દાઢી) -૫૦ રૂપિયા, ભાવ રહેશે તેમ એસોશિયેશન દ્વારા નિર્ણય લેવાયો છે.

-અશોક ભાટી

# નેત્રંગમાં મકાન માલિક સામે જાહેરનામાં ભંગની ફરિયાદ

ભરૂચ જિલ્લાના નેત્રંગ ખાતે પોલીસમાં નોંધણી કરાવ્યા વિના પર પ્રાંતિય ઈસમને મકાન ભાડે આપનાર મકાન માલિક વિરુધ્ધ પોલીસે ગુનો દાખલ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. ઉલ્લેખનીય છેકે રાજ્યમાં બહારથી આવેલ પરપ્રાંતિય ઈસમોને મકાન ભાડે આપતા પહેલા સ્થાનિક પોલીસ મથકમાં આ બાબતે નોંધ કરાવવાની હોય છે,પરંતુ કેટલાક મકાન માલિકો દ્વારા આ જરૂરી નિયમનું ઉલ્લંઘન કરીને જાહેરનામાનો ભંગ કરાતો હોય છે.નેત્રંગ પીઆઈ આર.સી.વસાવાના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફના માણસો નેત્રંગ ટાઉન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન જીન બજાર ખાતે આવતા એક મકાનમાં ભાડેથી રહેતા ઈસમને તેનું નામ પુછતા તેણે પોતાનું નામ પ્રિન્સ વિનોદ રાજપુત હાલ રહે.નેત્રંગ અને મુળ રહે.મુંબઈના હોવાનું જણાવ્યું હતું.આ મકાનના માલિકનું નામ રાજેશભાઇ સોહનલાલ શાહ રહે.જવાહર બજાર નેત્રંગના હોવાનું જણાતા મકાન માલિકનો સંપર્ક કરી તેમની પાસે મકાન ભાડે આપ્યા બાબતનો ભાડા કરાર માંગતા તે મળેલ નહિ,તેમજ મકાન ભાડે આપતા સમયે સ્થાનિક પોલીસમાં કોઇ નોંધ નહિ કરાવી હોવાનું પણ જાણવા મળેલ. પર પ્રાંતિય ઈસમને મકાન ભાડે આપી પોલીસમાં નોંધ નહિ કરાવીને જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરેલ હોઇ પોલીસે સદર મકાન માલિક રાજેશભાઇ સોહનલાલ શાહ રહે.નેત્રંગના વિરુધ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.પ્રતિક પ્રજાપતિ

# ભરૂચ ખાતે કામદાર સંઘનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ભરૂચ ખાતે અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ દ્વારાદક્ષિણ ઝોન ના સભ્યો/ હોદ્દેદારોનો સ્નેહમિલન કાર્યક્રમનુ આયોજન કરવામાં આવતા ભરૂચના સાંસદ મનસુખભાઈ વસાવા , ભરૂચના ધારાસભ્ય રમેશભાઈ મિસ્ત્રી, યુનિયનના પ્રમુખ ભરતભાઈ પંડ્યા ,કાર્યકારી પ્રમુખ મનુભાઈ પટેલ (ફોગવા), પ્રમુખ નિરવભાઈ પટેલ ,ચિરાગ




શાહ, સેક્રેટરી જનરલ(ટેક) તથા એજી વિકાસ કમિટીના ઉચ્ચ હોદ્દેદારો,તથા સર્વે મેમ્બરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્નેમિલન કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.-પ્રતિક પ્રજાપતિ

# દુષ્કર્મ પિડીત સગીરાને ધારાસભ્યની આર્થિક મદદ

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાની એક દુષ્કર્મ પિડીત સગીર બાળકીના પરિવારની વ્હારે આવી ઝઘડીયા ધારાસભ્ય રિતેશ વસાવાએ આજે પરિવારની મુલાકાત લઈ આર્થિક એક લાખ રૂપિયાનો ચેક આપ્યો હતો.સગીરાને હવસનો શિકાર બનાવનાર નરાધમને કડકમાં કડક સજા થાય તેવી માંગ કરી હતી.-પરેશ પ્રજાપતિ

# સુરેન્દ્રનગરમાં પોસ્ટ ઓફિસમાં એફડીની રકમમાં ગેરરીતિનો આક્ષેપ




સુરેન્દ્રનગર : સુરેન્દ્રનગરના ટાંકીચોક વિસ્તારમાં રહેતી મહિલા સાથે ટાવર પાસે આવેલી મુખ્ય પોસ્ટ ઓફિસના અધિકારી સહિતનાઓએ બચતની રકમ બાબતે કનડગત કરી યોગ્ય જવાબ ન આપતા ભોગ બનનાર મહિલાએ ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી છે.શહેરના ટાંકીચોક વિસ્તારમાં રહેતા શબાનાબેન યુનુસભાઈ બેલીમના પતિ ડાંગ જિલ્લામાં સરકારી અધિકારી તરીકે ફરજ બજાવતા હતા. વર્ષ ૨૦૨૧માં તેમનું અવસાન થયા બાદ મળવાપાત્ર ગ્રેજ્યુઈટીની રકમ વર્ષ ૨૦૨૨માં મહિલાને રૂા.૧૩.૭૫ લાખ ચુકવવામાં આવી હતી. મહિલાએ ઉંચુ વ્યાજ મળે તે માટે ૨૦૨૩માં ટાવર પાસે આવેલ મુખ્ય પોસ્ટ ઓફિસમાં સંપર્ક કરી પોસ્ટ માસ્તર નરેશભાઈ પરમારે અન્ય બેંક કરતા પોસ્ટ ઓફીસમાં ઉચું વ્યાજ અને પોતાની રકમ સુરક્ષિત રહેશે તેમ જણાવ્યું હતું. જેથી મહિલાએ કોઈપણ જાતના એજન્ટ વગર ચેકથી રૂ.૧૦ લાખની પાંચ વર્ષની ફિક્સ ડિપોઝીટ કરાવી હતી જે પાકતી મુદતે રૂા.૧૪ લાખ મળશે તેમ જણાવવામાં આવ્યું હતું અને રૂા.૪ લાખ પોસ્ટ ઓફિસના સેવિંગ ખાતામાં જમા કરાવ્યા હતા. દરમિયાન પોસ્ટ માસ્તર દ્વારા મહિલા પાસેથી બે કોરા ફોર્મ પર સહિ લીધી હતી. જ્યારે બે દિવસ બાદ મહિલા પોસ્ટ ઓફિસ ખાતે જમા કરાવેલી રકમની પાસબુક લેવા ગયા ત્યારે આપવામાં આવેલી બે પાસબુક પૈકી રૂા.૧૦ લાખની પાસબુકમાં અધુરી વિગતો હતી અને પેજ પણ ફાડેલા હતા જ્યારે રૂા.૪ લાખની સેવિંગની પાસબુકમાં જમા કરેલી રકમ સેવિંગને બદલે માસીક વ્યાજના દરે ફીક્સ ડિપોઝીટમાં જમા કરાવી હોવાનું દર્શાવ્યું હતું. તેમજ મહિલાએ કોઈપણ એજન્ટ રાખ્યા વગર કામગીરી કરવાનું જણાવ્યું હોવા છતાં બંને પાસબુકમાં એજન્ટના નામ અને કોડ નંબર પણ છપાયેલો હતો.



માનવ સેવા ભૂખ્યાને ભોજન,તરસ્યા ને પાણી આ છે પરમાત્માની સાચી વાણી પ્રભુ પ્રસાદ સેવા ગ્રુપ અને અનુમોદક દાતા સ્વ. નયનાબેન વિષ્ણુભાઈ પટેલ (ડીંગુચા- કલોલવાળા) હસ્તે ચેતનભાઈ (અમેરિકા) અને તલસાણીયા પરિવાર આમ બન્ને પરિવાર તરફથી શિયાળામાં કાતિલ ઠંડી સામે રક્ષણ મળે તે હેતુથી નારાયણપુરા વિસ્તારમાં આવેલ જીવનસંધ્યા વૃધ્ધાશ્રમ, વાત્સલ્ય ધામ વૃધ્ધાશ્રમ,આસ્થા ફાઉન્ડેશન,વિસામો વૃધ્ધાશ્રમ, ચાર વૃધ્ધાશ્રમ માં ઉંમર લાયક ૧૭૦ થી વધારે વડીલ બા/દાદા ને ડ્રાયફ્રુટ અને ગરમ વસાણાં થી ભરપુર ચોખ્ખા ઘીમાં બનાવેલ અડદિયો અને મેથીના લાડુ આપવામાં વિતરણ કરવામાં આવતા વૃદ્ધાશ્રમમાં આશ્રય લેતા તમામ વડીલોએ દાતા પરિવારનો આ તબક્કે આભાર વ્યક્ત કર્યો હતો.- હરેશ પંચાલ

# કડાદર ખાતે સાધારણ સભા યોજાઈ

મોરવા હડફ તાલુકાનાં કડાદરા ગામે મોરવા હડફ નિવૃત્ત કર્મચારી મંડળ નિમિતે ૨૯મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી.આ પ્રસંગે રાજ્યસભાના સાંસદ જશવંતસિંહ પરમાર અને ધારાસભ્ય નિમીષાસુથાર પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ ધર્મિષ્ઠાબેન માલીવાડ અને તમામ તાલુકા સરપંચ, તાલુકા પંચાયત સભ્યો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં...-વિપુલ બારીઆ




# લિમખેડા શિવાજી સેનાની મિંટીગ યોજાઈ




ગુજરાત શિવાજી સેના પ્રમુખ (સ્થાપક) અને ૪૨૦૦ થી વધારે દીકરીઓના સમૂહ લગ્ન કરાવનાર વિક્રમભાઈ સોરાણી દ્વારા આજ રોજ તા.૨૧/૧૨/૨૦૨૪ ને શનિવારના રોજ દાહોદ જિલ્લા શિવાજી સેના કાર્યાલય લીમખેડા ખાતે ઉપસ્થિત રહ્યા હતા.જેમાં ગુજરાત સેલ ના પ્રમુખ-શ્રી મનુભાઈ લાલાભાઈ મકવાણા,મધ્ય ઝોન ગુજરાત પ્રમુખ - શ્રી મિતેષભાઈ પટેલ,પંચમહાલ જિલ્લ સેલ ના પ્રમુખ - શ્રી રાજુભાઈ, દાહોદ જિલ્લા પ્રમુખ - શ્રી મુકેશભાઈ પટેલ અને દાહોદ જિલ્લા કોળી કર્મચારી મંડળનાં હોદ્દેદારો, ગુજરાત તલાટી મંડળના ઉપ પ્રમુખ - સંજયભાઈ પટેલ, ડો.પંકજભાઈ બુધાભાઇ પટેલ તેમજ દાહોદ શિવાજી સેનાના દરેક તાલુકા પ્રમુખો, મંત્રીઓ,અને દાહોદ જિલ્લા શિવાજી સેના દરેક સેલ વિભાગના પ્રમુખ તેમાં દરેક કાર્યકરતા ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા.સભાને સંબોધન કરતા વિક્રમભાઈ સોરાણીએ જણાવ્યું હતું કે આગામી દિવસોમાં દાહોદ જિલ્લામાં ૧૧૧ દીકરીઓના સમૂહ લગ્ન કરાવવાની જવાબદારી લેવામાં આવી હતી. ટૂંક સમયમાં લગ્ન ની તારીખ પણ નક્કી કરી દેવામાં આવશે તેમ જણાવ્યું હતું અને બે દિવસ પહેલા દે.બારીયાના અંતેલા ગામે આકસ્મિક રીતે બળી ગયેલા મકાનની પણ મુલાકાત લેવામાં આવી હતી. જેમાં પરિવારને આશ્વાસન આપતા જણાવ્યું હતું કે ફરી મકાન બનાવવા માટે શિવાજી સેના દ્વારા પુરે-પૂરો ખર્ચ આપવામાં આવશે એવી પરિવારને ખાતરી આપવામાં આવી હતી. તે બદલ સમગ્ર દાહોદ જિલ્લા શિવાજી સેના ટીમ દ્વારા વિક્રમભાઈ સોરાણીનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. વાદી બળવંત

# જીતપુર નજીકથી લાકડા ભરેલી ટ્રક ઝડપાઈ



માલપુરના જીતપુર અંધારીવાડી વિસ્તારમાંથી બેફામ રીતે ગેરકાયદેસર વૃક્ષ છેદન થઈ રહ્યું હોવા સંદર્ભે સ્થાનિક પર્યાવરણ પ્રેમીઓ આ મુદ્દે વન વિભાગને જાણ કરતા આજે વન વિભાગના અધિકારીઓ ગેરકાયદેસર વૃક્ષ છેદનની પ્રવૃતિને અટકાવવા વૉચ ગોઠવી ગેરકાયદેસર રીતે વૃક્ષ છેદન કરી લાકડી ભરી લઈ જતી ટ્રકને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરતાં ગેરકાયેદસર વૃક્ષ છેદન કરતા તત્વોમાં વન વિભાગની કાર્યવાહીને પગલે ફફડાટ વ્યાપી ગયો હતો.-સંજય ભરવાડ

# જામનગરમાં ઝુપડપટ્ટી સહિતના વિસ્તારમાં દારૂના ધંધાર્થીઓ પર પોલીસનું મેગા કોમ્બિંગ ઓપરેશન થયું

જામનગર,

એલસીબી એસઓજી તથા શહેરના ત્રણેય(૩) પોલીસ ડિવિઝનના વિશાળ પોલીસ કાફલા સાથે સર્ચ ઓપરેશન હાથ ધરાતાં ગુન્હેગારોમાં દોડધામ મચી હતી. જામનગર શહેરના દિગજામ સર્કલ સહિતના આસપાસના વિસ્તારોમાં દેશી દારૂની પ્રવૃત્તિ અંગે અનેક ફરિયાદો મળતી હોવાથી, આજે જામનગર શહેરની પોલીસની ટીમ દ્વારા મેગા સર્ચ ઓપરેશન અને કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેથી દેશી દારૂના ધંધાર્થીઓ તેમજ અન્ય ગુનેગારોમાં ભારે નાશ ભાગ મચી ગઈ હતી. જામનગર શહેર વિભાગના ડી.વાય.એસ.પી. એન. ઝાલા ની રાહબરી હેઠળ એલસીબી ના પીઆઈ અને તેઓની ટીમ, ઉપરાંત એસઓજી શાખાના પીઆઈ અને તેમની ટીમ, પેરોલ ફર્લો ના સ્ટાફ ઉપરાંત શહેરના સિટી A ડિવિઝન, B ડિવિઝન અને C ડિવિઝનના તમામ પોલીસ સ્ટાફ વગેરેને સાથે રાખીને અલગ અલગ ટુકડીઓ બનાવી સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લીધો હતો, અને સામુહિક રીતે દરોડા પાડવામાં આવ્યા હતા. જામનગર પોલીસના આ મેગા ઓપરેશનને લઈને ગુન્હેગારોમાં ભારે નાશ ભાગ મચી ગઈ હતી.

# તલોદ બાર એસોશિયેશનની ચૂંટણી યોજાઈ



તલોદ બાર એસોશિયેશનની ગત રાજ કોર્ટ કેમ્પસના બાર રૂમમાં યોજાયેલ ચૂંટણીમાં પ્રમુખ પદે રંગુસિંહ ડી ઝાલા(આર.ડી ઝાલા)ઉપ-પ્રમુખ તરીકે દિપકકુમાર જુગાજી પરમાર,સેક્રેટરી તરીકે વનરાજસિંહ રંગુસિંહ ઝાલા,જો.સેક્રેટરી તરીકે જયેશ એન નાયક વિજેતા થતાં નવનિયુક્ત હોદ્દેદારોને એસોશિયેશનના સભ્યોએ આવકારી અભિનંદન પાઠવ્યા હતા.ઉલ્લેખનીય છે કે યોજાયેલ ચૂંટણીમાં પ્રમુખ અને સેક્રેટરી તરીકે પિતા-પુત્ર બંન્ને વિજેતા થયા છે.જે નોધવું રહ્યું.

# અમદાવાદનાં વટવામાં સ્વૈચ્છિક રક્તદાન શિબિર યોજાઇ



થેલેસેમિક્સ ગુજરાત અને વિવેક ફાઉન્ડેશન દ્વારા પ્રથમા બ્લડ સેન્ટર,વાસણાનાં સહયોગથી આજ રોજ થેલેસેમિયા ગ્રસ્ત બાળકો માટે અમદાવાદનાં વટવા વિસ્તારમાં એક વિશેષ સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.આ શિબિરમાં મોટી સંખ્યામાં રક્ત દાતાઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લઈને થેલેસેમિયાના દર્દીઓને નવજીવન આપવાનું ઉમદા કાર્ય કર્યું.થેલેસેમિયા એ એક આનુવંશિક રોગ છે જેમાં દર્દીઓને નિયમિત રક્ત આપવું પડે છે. આવા દર્દીઓ માટે રક્તદાન એ જીવનદાન સમાન છે. આ શિબિર દ્વારા એકત્રિત થયેલ રક્ત થેલેસેમિયા ગ્રસ્ત બાળકોને જરૂરિયાત મુજબ પૂરું પાડવામાં આવશે.આ કાર્યક્રમમાં ઈકબાલ મલેક, અલી મુલતાની, અકબરભાઈ રાણા, શહેજાદ ખાન, અસ્ફાકભાઈ માલદાર, અમીરાભાઈ, ડૉ. હર્ષિલ તેમજ અન્ય પદાધિકારીઓ તેમજ સ્વયં સેવકોએ સેવા આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## નકલી ડિગ્રી કૌભાંડમાં ઘટસ્ફોટ થયો, રાજ્યમાં ૪ હજાર નકલી અને ૧૨૮૧ બોગસ ડોક્ટર કરતા હોવાનું સામે આવ્યું

સુરત,

સુરતમાં નકલી ડિગ્રી કૌભાંડ મુદ્દે મોટો ઘટસ્ફોટ થયો. કૌભાંડની તપાસમાં રાજ્યમાં ૪ હજાર નકલી ડોક્ટર અને ૧૨૮૧ બોગસ ડોક્ટર પ્રેક્ટિસ કરતા હોવાનું સામે આવ્યું. સુરતમાં નકલી ડિગ્રી કૌભાંડ મુદ્દે મોટો ઘટસ્ફોટ થયો. કૌભાંડની તપાસમાં રાજ્યમાં ૪ હજાર નકલી ડોક્ટર અને ૧૨૮૧ બોગસ ડોક્ટર પ્રેક્ટિસ કરતા હોવાનું સામે આવ્યું. આ નકલી ડોક્ટરો કૌભાંડના તાર સુરત નહિ પરંતુ અમદાવાદ સુધી ફેલાયેલા છે. થોડા દિવસ પહેલા એક બાળકીના મૃત્યુ બાદ નકલી ડોકટરોનો પર્દાફાશ થયો. બોગસ ડિગ્રી લઈ બોગસ ડોક્ટર ઉભા થયા છે જેમાં એક અને એકસો નહિ પરંતુ આ આંકડો હજ્જારો સુધી છે. ૭૦ હજાર રૂપિયા આપી નકલી ડિગ્રી મેળવવાનું કૌભાંડ થતું હોવાનો ઘટસ્ફોટ થતા રાજ્યમાં વધુ એક નકલીના કારોબારનો વેપલો થઈ રહ્યો છે. સુરત પોલીસે પકડેલા મુખ્ય સૂત્રધારોની તપાસમાં ઘટસ્ફોટ થયો કે ૧૨૮૧ બોગસ ડોક્ટર પ્રેક્ટિસ કરી રહ્યા છે જ્યારે ૨૭૧૯ નકલી ડિગ્રી ધરાવતા ડોકટરોનું કોઈ અત્તો પતો નથી. મહત્વના બે શહેરો એવા અમદાવાદ અને સુરતમાં નકલી ડિગ્રી કૌભાંડના ખેલ ખેલાયો છે. ડોક્ટર બનવા જરૂરી પરીક્ષા નહી પરંતુ ફક્ત ૭૦ હજાર આપી નકલી ડિગ્રી મેળવવામાં આવે છે. રાજ્યનું એકપણ શહેર કે જિલ્લો બાકી નથી જ્યાં નકલી ડિગ્રી આપી ન હોય. ૪ હજાર નકલી ડોકટરો ફક્ત ગુજરાતમાં છે. અને સૌથી વધુ સુરતમાં જ્યારે અમદાવાદનો બીજો નંબર છે. પોલીસને સરકારની રજીસ્ટર્ડ સાઈટ પરથી ૧૨૮૧ બોગસ ડોકટરો મળ્યા. આ બોગસ ડોકટરો રાજ્યના કોઈ ખૂણે પ્રેક્ટીસ કરી રહ્યા છે. જ્યારે હજુ પણ ૧૨૮૧ જેટલા નકલી તબીબ પોલીસ પકડથી દુર છે અને ૨૭૧૯નો કોઈ અત્તોપત્તો નથી. ગુજરાતના ૧૨૦૦ લોકોને બોગસ ડોક્ટર બનાવનાર ડો. રસેશ ગુજરાતીએ આપેલ માહિતીથી પોલીસ પણ ચોંકી ગઈ છે. આ શખસે ૧૨૦૦ લોકોને નકલી ડોક્ટર બનાવીને માત્ર ગુજરાતના લોકોના જીવ જ જોખમમાં નથી મૂકી દીધા છે. બોગસ ડોક્ટર બનાવનાર ડો. રસેશ ગુજરાતી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. પોલીસ સ્ટેશનમાં રસેશ વિરુદ્ધ ત્રણ ગુના નોંધાયા છે. એક સગીરાના ગર્ભપાતના કેસમાં ડો. રસેશ જેલમાં પણ ગયા છે.

# માણસા ખાતે રાજપૂત સમાજનો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે આવેલ ઘૂંઘટ પાર્ટી પ્લોટ ખાતે રાજપૂત સમાજના સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરાવામાં આવતા આ પ્રસંગે સંત શ્રી પરમેશ્વરદાસજી મહારાજ (હનુમાન મંદિર ,વિહાર)જે . એસ . પટેલ,ધારાસભ્ય માણસા, સી. જે. ચાવડા- ધારાસભ્ય વિજાપુર,કારણશિહજી ચાવડા -પ્રમુખ ગુજરાત ક્ષત્રિય સભા સહિત વિવિધ ક્ષેત્રો જેવા કે શૈક્ષણિક,સામાજીક,રાજકીય,અને સહકારી ક્ષેત્રે સંકળાયેલ અને સમાજ સેવા માટે સદાય તત્પર રહેતા એવા રાજપૂત સમાજના ભાઈ-બહેનો,જ્ઞાતિબંધુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી એકબીજાને નૂતનવર્ષની શુભેચ્છા આદાન-પ્રદાન કરી શુભેચ્છા પાઠવી હતી.આ તબક્કે ઉપસ્થિત અગ્રણીઓ સમાજ પ્રગતિના પંથે આગળ વધે,સમાજની એકતા કાયમ બની રહે તે માટે સૌને અપીલ કરી હતી.- મૌનિક ઠાકર

**Printed,Published&Owned,Editor by,**TETARAWAL ROOPSINGH HEMARAM **Printed at** SHIVAM OFFSET, PLOT NO - 521/2,GH-6 CORNER,Sector-22,Gandhinagar-PIN. 382 022 . and **Published at** ,I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330,(GUJARAT) M - 9909441697